**નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, અમદાવાદ.**
**સ્કાઉટભવન, પ્રભુદાસ ઠક્કર કોલેજ પાસે, પાલડી, અમદાવાદ - ૩૮૦૦૦૭**

**♣ નાયબ શાસનાધિકારી સંવર્ગની જગ્યા માટે ઉમેદવારોના ડોક્યુમેન્ટ ચકાસણી અન્વયે ખૂબ જ અગત્યની સૂચનાઓ ♣**
**( જાણ તથા અમલ સારૂં )**

:: મુખ્ય સૂચનાઓ ::

- તમોની શૈક્ષણિક લાયકાત ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૨૪ના રોજ ધરાવતા હોવા જોઈએ. ઉમેદવારે શૈક્ષણિક લાયકાત માન્ય યુનિવર્સિટી / સંસ્થામાંથી મેળવેલ હોવી જોઈએ, ત્યારબાદ મેળવેલ શૈક્ષણિક લાયકાત સદર ભરતી પ્રક્રિયામાં માન્ય રાખવામાં આવશે નહિં જેની સ્પષ્ટ નોંધ લેશો.
- ઉમેદવારની ઉંમર ઓનલાઇન અરજી સ્વીકારવાની છેલ્લી તા. ૨૦-૧૨-૨૦૨૪ ના રોજની ગણવામાં આવશે.
- તમોનો શૈક્ષણિક / વહીવટી અનુભવ તમોની બી.એડ. ની ડીગ્રી પ્રાપ્ત કર્યેથી તેમાં દર્શાવેલ તારીખથી જ માન્ય રાખવામાં આવશે. એ પહેલાના અનુભવને માન્ય રાખવામાં આવશે નહિં જેની સ્પષ્ટ નોંધ લેશો.
- શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા એસ.એસ.સી. પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મતારીખ દર્શાવેલ હોય તે ઓરીજીનલ પ્રમાણપત્ર અને ૨ નકલમાં પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે.
- આપની માર્કશીટ / ડિગ્રી સર્ટીફિકેટમાં ગ્રેડ દર્શાવેલ હોય તો તેનું સમકક્ષ ટકામાં ( % ) જે - તે માન્ય યુનિવર્સિટીનું કન્વર્ઝન કોષ્ટક રજૂ કરવાનું રહેશે જેની સ્પષ્ટ નોંધ લેશો.
- સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે જાહેરખબર પછીનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ ' ના-વાંધા પ્રમાણપત્ર ' ઓરીજીનલ અને તેની ૨ નકલમાં પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે.
- આપશ્રીએ ઓનલાઇન અરજીમાં દર્શાવેલ અનુભવના સમર્થનમાં અનુભવનો સમયગાળો ( દિવસ, માસ, વર્ષ ), મૂળ પગાર અને કુલ પગારની વિગતો સાથે તમોએ બજાવેલ ફરજોનું જે-તે સંસ્થાના લેટરપેડ ઉપર સક્ષમ સત્તાધિકારીની સહી અને તારીખ સાથેના સ-વેતન અનુભવના તમામ ઓરીજીનલ પ્રમાણપત્ર અને તેની ૨ નકલમાં પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે.
- કોઇપણ બે શૈક્ષણિક સંસ્થાના વડાનું ચારિત્ર્ય અંગેનું ( કેરેક્ટર સર્ટીફિકેટ ) ઓરીજીનલ પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.
- કોઇપણ એક ઓરીજીનલ ફોટો ઓળખકાર્ડ (આધારકાર્ડ, પાનકાર્ડ, ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ પૈકી કોઇ પણ એક) અને તેની ૨ નકલમાં પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે.
- જો અસલ પ્રમાણપત્રો રજૂ કરી શકશો નહિં તો આપ પસંદગી માટે પાત્ર ઠરશો નહિં તેની ખાસ નોંધ લેશો.
- **આપ જાહેરાતમાં દર્શાવેલ જરૂરી શૈક્ષણિક લાયકાત, ઉંમર અને જાતિ ધરાવો છો તે શરતે જ આપને ડોક્યુમેન્ટ ચકાસણી માટે જાહેર ખબરમાં દર્શાવેલ શરતો મુજબ તા. ૧૪-૧૧-૨૦૨૫ ના રોજ મેરીટમાં અનુક્રમે ૪૧ થી ૭૬ ક્રમમાં આવતા ઉમેદવારોને બોલાવવાના થાય છે.** જો કોઇપણ તબક્કે એમ જણાશે કે આપ નિયમો પ્રમાણેની જરૂરીયાત સંતોષતા નથી અથવા આપે આપેલ માહિતી ખોટી છે કે માહિતીમાં ફેરફાર કરેલ છે અથવા કોઇ માહિતી છુપાવી છે તો આપ આ નિમણૂંક મેળવવા હક્કદાર બનશો નહિં.
- ડોક્યુમેન્ટ ચકાસણીના દિવસે આપ કોઇપણ પ્રમાણપત્ર રજૂ કરી શકશો નહિં કે ગેરહાજર રહેશો તો આપને બીજી તક આપવામાં આવશે નહિં તેની સ્પષ્ટ નોંધ લેશો.
- જો આપને અન્ય ભરતી કરતી સંસ્થાઓ દ્વારા ગેરલાયક ઠરાવેલ હશે અને શિક્ષાત્મક સમયગાળો ચાલુ હશે તો આપ આપોઆપ ગેરલાયક ગણાશો જેની નોંધ લેશો.

➢ આ સાથે સામેલ પત્રક મુજબ લાગુ પડતા લાયકાતના, જાતિ અંગેના તમામ ઓરીજીનલ અને ૨ નકલમાં પ્રમાણિત કરેલ ઝેરોક્ષ નકલ દર્શાવેલ સૂચના મુજબના ક્રમાનુસાર સામેલ કરવા.

- શાળા છોડયાનું પ્રમાણપત્ર અથવા એસ.એસ.સી. પરીક્ષાનું પ્રમાણપત્ર
- બી.એડ.ની માર્કશીટ અને ટ્રાયલ સર્ટી અથવા તેની સમકક્ષ પરીક્ષાની માર્કશીટ અને ટ્રાયલ સર્ટી.
- અનુસ્નાતકની માર્કશીટ અને ટ્રાયલ સર્ટીફિકેટ ( તમામ વર્ષોની / સેમેસ્ટરની ), ડિગ્રી સર્ટીફિકેટ
- તાલીમી અનુસ્નાતકની માર્કશીટ અને ટ્રાયલ સર્ટીફિકેટ ( તમામ વર્ષોની / સેમેસ્ટરની ), ડિગ્રી સર્ટીફિકેટ
- પી.એચ.ડી. ની માર્કશીટ અને ટ્રાયલ સર્ટી.
- બી.એડ. ની તાલીમ જે સંસ્થામાંથી મેળવી હોય તે સંસ્થાનું એન.સી.ટી.ઇ. માન્યતા પ્રમાણપત્ર
- અપંગતા અંગેનું પ્રમાણપત્ર ( સિવિલ સર્જનનું તા. ૨૧-૧૧-૨૦૨૪ પછીનું )
- સ-વેતન અનુભવનું પ્રમાણપત્ર(અરજીમાં દર્શાવ્યા મુજબનું જે-તે સંસ્થાના વડા દ્વારા આપવામાં આવેલ હોય તે)
- ના-વાંધા પ્રમાણપત્ર ( તા. ૨૧-૧૧-૨૦૨૪ પછીનું સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ હોય તે ) (સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે )
- બે શૈક્ષણિક સંસ્થાના વડા/ ગેઝેટેડ ઓફીસરનું તાજેતરનું ચાલ-ચલગતનું પ્રમાણપત્ર(તા. ૦૧-૦૯-૨૦૨૫ પછીનું)
- ફોટો ઓળખકાર્ડ ( આધારકાર્ડ, પાનકાર્ડ, ઇલેક્શન કાર્ડ, ડ્રાઇવીંગ લાયસન્સ પૈકી કોઇપણ એક )
- ઓનલાઇન અરજીમાં અપલોડ કરેલ પાસપોર્ટ સાઇઝના ફોટોગ્રાફ - ૩ નંગ

નોંધ :- ( જો પરીક્ષા એક કરતા વધુ પ્રયત્ને પાસ કરેલ હોય તો તમામ પ્રયત્નોની માર્કશીટ સામેલ કરવી. )

❖ નાયબ શાસનાધિકારીની જગ્યા માટે ઉમેદવાર પોતાના ડોક્યુમેન્ટના આધારે પ્રોવિઝનલ મેરીટ નીચે મુજબની ગણતરી કરી શકશે.

| ક્રમ | વિષય | મળવાપાત્ર મહત્તમ ગુણ | મેળવેલ ગુણ |
|---|---|---|---|
| ૧ | તાલીમી સ્નાતક | ૧૦ | |
| ૨ | અનુસ્નાતક | ૧૫ | |
| ૩ | તાલીમી અનુસ્નાતક / એમ.ફીલ | ૨ | |
| ૪ | પી.એચ.ડી. | ૩ | |
| ૫ | અનુભવ | ૫ | |
| મહત્તમ કુલ ગુણ : ૩૫ | | | |

સમજૂતી :- ઉપરોક્ત દર્શાવેલ શૈક્ષણિક લાયકાત અંગેના ગુણની ગણતરી અન્વયે જણાવવાનું કે, તાલીમી સ્નાતકના કુલ ૧૦ ગુણ પૈકી ઉમેદવારે તાલીમી સ્નાતકમાં મેળવેલ ગુણને ૧૦ ગુણ જોડે ગુણી પરીક્ષાના કુલ ગુણમાંથી ભાગ કરતા જે ગુણ મળે તે તાલીમી સ્નાતકના ગુણ ગણાશે. આજ રીતની ગણતરી અનુસ્નાતકના ગુણભાર માટે કરવાની રહેશે. માત્ર અને માત્ર ઉમેદવારે જો તાલીમી અનુસ્નાતક / એમ.ફીલ. ની ડીગ્રી મેળવેલ હોય તો પૂરેપૂરા ૨ માર્ક્સ, તથા ઉમેદવારે પી.એચ.ડી. ની ડીગ્રી મેળવેલ હોય તો પૂરેપૂરા ૩ ગુણ મળવાપાત્ર રહેશે. અનુભવના ગુણની ગણતરી માટે ઉમેદવારનો જાહેરાતની તારીખ સુધીમાં ઓછામાં ઓછો ૫ વર્ષનો અનુભવ હોવો જરૂરી છે. ૫ વર્ષના અનુભવ સુધી અનુભવના ૦ ગુણ મળવાપાત્ર થાય, ૫ વર્ષ ઉપરાંત પ્રતિ છ માસના અનુભવ લેખે ૦.૫ ગુણ ગણતા મહત્તમ ૫ ગુણ સુધી મળવાપાત્ર રહેશે.